RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 09 * Date: 01.11.2025,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# અમેરિકન કંપની ભારતમાં રૂ.૩૨૫૦ કરોડના ખર્ચે સ્થાપશે કાર એન્જિન પ્લાન્ટ




અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિના કારણે અનેક અમેરિકન કંપનીઓ મુશ્કેલીમાં મુકાઈ હોય તેવું લાગી રહ્યું છે. તાજેતરમાં જ એપ્પલે ભારતમાં મોટાપાયે રોકાણ કરવાની જાહેરાત કરી હતી, ત્યારે હવે ફોર્ડ મોટર કંપનીએ અમેરિકન નીતિઓને અવગણીને ભારતમાં રૂપિયા ૩૨૫૦ કરોડ (લગભગ ૩૭૦ મિલિયન ડોલર)નું મોટું રોકાણ કરવાની જાહેરાત કરી છે.ફોર્ડ કંપનીએ ૨૦૨૧માં ભારતીય બજારમાંથી પોતાનું સંચાલન બંધ કરી દીધું હતું, પરંતુ હવે ફોર્ડ એક નવા મેન્યુફેક્ચરિંગ યુનિટ દ્વારા ભારતમાં ફરી પોતાની હાજરી નોંધાવવાની તૈયારીમાં છે. ફોર્ડે આ માટે તમિલનાડુ સરકાર સાથે એમઓયુ (ૈં) પર હસ્તાક્ષર કર્યા છે.કંપનીએ કહ્યું છે કે, 'આ શરૂઆતના રોકાણથી લગભગ ૬૦૦થી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ નોકરીની તકો ઊભી થશે. આ મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટ પર કામ આ વર્ષના અંત સુધીમાં શરૂ થઈ જશે. એકવાર પ્લાન્ટ સંપૂર્ણ બની ગયા બાદ તેની ક્ષમતા દર વર્ષે ૨.૩૫ લાખ એન્જિન બનાવવાની રહેશે.

કંપનીએ અંદાજ લગાવ્યો છે કે, પ્લાન્ટ વર્ષ ૨૦૨૯ સુધીમાં સંપૂર્ણપણે કાર્યરત થઈ જશે. ટ્રમ્પ તંત્ર અમેરિકન કંપનીઓને દેશમાં પાછા ફરવા અને દેશમાં જ ઉત્પાદન કરવા દબાણ કરી રહ્યા છે. રિપોર્ટ મુજબ અન્ય દેશોમાંથી માલ-સામાન આયાત કરતી અમેરિકન કંપનીઓ માટે ટેરિફના કારણે ઉત્પાદન ખર્ચ વધ્યો હતો. જોકે તેમ છતાં અમેરિકન કંપનીઓ ભારત જેવા ઝડપી વિકાસ પામના બજારને શ્રેષ્ઠ વિકલ્પ માની રહ્યા છે.

## રાજુલામાં સૌથી વધુ વરસાદ, ધાતરવાડી ડેમ-૨ના ૧૦ દરવાજા ખોલાતા નજીકના ગામોને એલર્ટ

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં કમોસમી વરસાદનો માર જોવા મળી રહ્યો છે. માવઠું થતાં ખેડૂતોના પાક પર પાણી ફરી વળ્યા છે. રાજ્યમાં છેલ્લા ૧૦ કલાકની અંદર ૬૩ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ અમરેલીના રાજુલામાં આશરે ૨ ઈંચ વરસાદ થયો છે. અમરેલીના અનરાધાર વરસાદી માહોલ છે, ત્યારે ખેડૂતો ચિંતામાં મૂકાયા છે.સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે. અમરેલીના રાજુલા, ખાંભા, જાફરાબાદ સહિતના અનેક વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસથી હળવાથી ભારે વરસાદ વરસી રહ્યો છે. જેમાં આજે ૩૧ ઓક્ટોબરના રોજ રાજુલાના ગ્રામ્ય વિસ્તારમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ ખાબક્યો છે.અમરેલી જિલ્લામાં સતત કમોસમી વરસાદથી લોકો પરેશાન છે, ત્યારે ખાંભાના ગ્રામ્ય પંથકમાં સતત ચોથા દિવસે ધોધમાર વરસાદ શરૂ છે. ખાંભાના નાના બારમણ, મોટા બારમણ, ડેડાણ, ત્રાકુડા, ભુડણી સહિતના વિસ્તારમાં ભારે વરસાદી માહોલ છે. આ પણ વાંચોઃ કમોસમી વરસાદના કારણે ધરોઈ ડેમ છલકાયોઃ ૧૦૦ ટકા ભરાઈ જતાં સાબરમતીમાં પાણી છોડાયું

ભારે વરસાદના કારણે ખાંભાની ધાતરવડી નદી અને ડેડાણ ગામની અશોકા નદીમાં ઘોડાપુર આવ્યુ છે. જાફરાબાદના ટીંબી ગામની રૂપેણ નદી પણ બે કાંઠે વહેતી જોવા મળી છે. ધોધમાર વરસાદને પગલે ધાતરવાડી ડેમ-૨માં એક સાથે ૧૦ દરવાજા ખોલવાની ફરજ પડી છે. જેમાં ધાતરવડી ડેમ-૨માં ૫૪૦૦ ક્યુસેકથી વધુ પાણીની આવક શરૂ થતાં નીચાણવાળા ભચાદર, વડ, રામપરા, ભેરાઈ, ખાખબાઈ, કોવાયા, હિંડોરણા, ઉછેયા સહિતના નદી કાંઠાના ગામડાને એલર્ટ કરવામાં આવ્યા છે.

## ગાંધીનગરને હરિયાળું રાખવાની ફક્ત વાતોઃ વર્ષો જૂનો આંબો નડતરરૂપ ન હોવા છતાં કાપી નંખાતા તંત્ર સામે રોષ



ગાંધીનગર શહેરના સેક્ટર-૩ વિસ્તારમાં આવેલા ઘ-દોઢ વિસ્તાર પાસે વન વિભાગ દ્વારા દસકો જૂના આંબાના વૃક્ષને કાપી નાખવામાં આવતા પર્યાવરણ અને પ્રકૃતિ પ્રેમીઓમાં ભારે રોષ ફેલાયો છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે વન વિભાગે આટલા મૂલ્યવાન વૃક્ષને કાપવા માટે માત્ર ૧૬૭૬ રૂપિયાનું નજીવું ચલણ લઈને મંજૂરી આપી દીધી હતી.શ્રીરામ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ વિજય શર્મા સહિતના સભ્યોએ આ ઘટનાની જાણ થતાં સ્થળ પર પહોંચીને વન વિભાગની કામગીરી સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતુ કે, 'હું જ્યારે હીર કોમ્પ્લેક્સ પાસે થેરાપી માટે આવ્યો હતા, આ દરમિયાન વરસાદી માહોલ વચ્ચે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ અને તેની ટીમ દ્વારા વર્ષો જૂના ઘટાદાર આંબાનું ઝાડ કાપવામાં આવી રહ્યું હતું.'પ્રકૃતિ પ્રેમીઓએ આક્ષેપ કર્યો કે, વન વિભાગે માત્ર ૧૬૭૬ રૂપિયાનું ચલણ લઈને આ વિશાળ અને મૂલ્યવાન વૃક્ષ કાપવાની મંજૂરી આપી દીધી, જે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. આ આંબો નડતો ના હોવા છતાં, ઉપરના કોઈ દબાણને કારણે ફોરેસ્ટ વિભાગે આ કામગીરી કરી છે.લોકોએ સવાલ ઉઠાવ્યો કે વૃક્ષ કાપતા પહેલા વન વિભાગ દ્વારા સ્થળની મુલાકાત અને ઝાડની સ્થિતિનું યોગ્ય વેરિફિકેશન થવું જોઈએ. પરંતુ આડેધડ મંજૂરી આપી દેવાને કારણે ગાંધીનગર, જે પોતાની હરિયાળી માટે જાણીતું છે, ત્યાં વૃક્ષોનું નિકંદન થઈ રહ્યું છે. પ્રકૃતિ પ્રેમીઓએ માંગ કરી છે કે, વન વિભાગ આ પ્રકારે મૂલ્યવાન વૃક્ષોને કાપવાની મંજૂરી આપવા માટેના નિયમોની સમીક્ષા કરે અને આ ઘટનામાં જવાબદાર અધિકારીઓ સામે યોગ્ય કાર્યવાહી કરે.



તંત્રી લેખ

# અકલ્પનીય રેકોર્ડ તેજી છતા ભારતમાં જુલાઈ-સપ્ટેમ્બરમાં સોનાની માંગ ૨૩ ટકા વધી

અમદાવાદ : સોનાના ભાવમાં આગઝરતી તેજી છતા વૈશ્વિક સોનાની માંગે ત્રીજા ક્વાર્ટર એટલેકે જુલાઈ-સપ્ટેમ્બર, ત્રિમાસિકમાં એક નવો રેકોર્ડ બનાવ્યો છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના 'ગોલ્ડ ડિમાન્ડ ટ્રેન્ડ્સ રિપોર્ટ ૨૦૨૫ના ત્રીજા ક્વાર્ટર'ના ડેટા અનુસાર જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૨૫ના સમયગાળા દરમિયાન ભારતમાં કુલ સોનાની માંગ રૂ. ૨,૦૩,૨૪૦ કરોડ રહી હતી. આ આંકડો ગત વર્ષના સમાન સમયગાળાની તુલનામાં ૨૩ ટકા વધુ છે. જોકે એકંદર વોલ્યુમમાં ઘટાડો થયો છે અને વોલ્યુમમાં માંગ ૧૬ ટકા ઘટી છે.વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના ડેટા અનુસાર વિશ્વભરમાં સોનાની કુલ માંગ ૧૩૧૩ ટન પર પહોંચી છે, જે વાર્ષિક ધોરણે ૩ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. મૂલ્યની દ્રષ્ટિએ સોનાની માંગ ૪૪ ટકા વધીને ૧૪૬ અબજ ડોલર થઈ છે. ક્વાર્ટર દરમિયાન મજબૂત રોકાણકારોની ખરીદીને કારણે સોનાના ભાવ ૧૩ વખત નવા સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યા હતા, જ્યારે દાગીનાની માંગમાં ઘટાડો થયો છે.ડબલ્યુજીસીના આંકડા અનુસાર સોનાની કુલ માંગમાં સૌથી વધુ ફાળો ગોલ્ડ ઈન્વેસ્ટરોએ આપ્યો છે. એક્સચેન્જ ટ્રેડેડ ફંડમાં સૌથી વધુ ૨૨૨ ટનની નોંધપાત્ર ખરીદી જોવા મળી છે અને ૨૦૨૦ના રેકોર્ડની નજીક છે. બાર અને કોઈનની માંગ સતત ચોથા ક્વાર્ટરમાં ૩૦૦ ટન (૩૧૬ ટન)થી ઉપર રહી છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ માને છે કે યુએસ વ્યાજદરમાં ઘટાડો અને ડોલરની નબળાઈએ રોકાણકારોનો વિશ્વાસ વધુ મજબૂત બનાવ્યો છે. વિશ્વના બીજા ક્રમના સૌથી મોટા બુલિયન બજારમાં સોનાના દાગીનાની માંગ ૩૧ ટકા ઘટીને ૧૭૧.૬ ટનથી ઘટીને ૧૧૭.૭ ટન થઈ ગઈ છે.

# કરોડોના ખર્ચે બનેલી આહવા સિવિલ હોસ્પિટલ 'ગંદકીનું સામ્રાજ્ય'!વોર્ડમાં દર્દીઓ સારવાર વગર બેડ પર,ડોક્ટરો ગાયબ



## દર્દથી પીડાતા દર્દીઓ માટે 'નરક' બની ડાંગની આહવા સિવિલ: ગંદા ગાદલા અને સારવારના અભાવે દર્દીઓ વધુ બીમાર થવાનો ભય

ડાંગ જિલ્લાના આહવા ખાતે કરોડોના ખર્ચે નિર્મિત આહવા સિવિલ હોસ્પિટલ હાલ ગંદકીનું સામ્રાજ્ય બની હોય તેવું ચિત્ર સામે આવ્યું છે. સિવિલ હોસ્પિટલના કેટલાક વોર્ડમાં દર્દીઓને પૂરતી સારવાર મળતી ન હોવાની અને ડૉક્ટરોની ગેરહાજરીની ગંભીર ફરિયાદો ઉઠી છે. સૌથી આઘાતજનક બાબત એ છે કે દર્દીઓને બેડ પર ખરાબ અને ગંદા ગાદલા પર સુવડાવવામાં આવી રહ્યા છે, જેના કારણે બીમાર માણસ પણ વધુ બીમાર થાય તેવી ભયાવહ પરિસ્થિતિ સર્જાઈ છે.

હોસ્પિટલના વોર્ડ નંબર ૧૨૩ માં પરિસ્થિતિ ખાસ કરીને વણસેલી જોવા મળી છે. અહીં દાખલ દર્દીઓના સગાં-વહાલાંના જણાવ્યા મુજબ, દર્દીઓને માત્ર બેડ પર સુવડાવી મૂકવામાં આવે છે અને કોઈ સારવાર આપવામાં આવતી નથી. એટલું જ નહીં, વોર્ડમાં ફરજ પરના ડૉક્ટરો પણ મોટાભાગે હાજર રહેતા નથી, જેના કારણે દર્દીઓ પીડાતા હોવા છતાં નિસહાય બની રહે છે.

કરોડોના ખર્ચે બનેલી આ આધુનિક હોસ્પિટલની જાળવણી અને સ્વચ્છતાની સ્થિતિ અત્યંત દયનીય છે. સમગ્ર વોર્ડમાં એટલી હદે ગંદકી છે કે સામાન્ય સ્વસ્થ વ્યક્તિ પણ ત્યાં બીમાર પડી શકે છે. પેશન્ટને જે ગાદલા પર સુવડાવવામાં આવે છે તે ફાટેલા, મેલા અને બિન-સ્વચ્છ છે, જે હોસ્પિટલના સંચાલન પર ગંભીર સવાલો ઉભા કરે છે. હોસ્પિટલની આ બેદરકારી દર્દીઓના જીવન જોખમમાં મૂકી રહી છે.

સ્થાનિક લોકો અને દર્દીઓના સગાં-સંબંધીઓએ જિલ્લા કલેક્ટર અને આરોગ્ય વિભાગને તાત્કાલિક આ બાબતે ધ્યાન આપીને હોસ્પિટલમાં સ્વચ્છતા જાળવવા, વોર્ડમાં નિયમિત ડૉક્ટરોની હાજરી સુનિશ્ચિત કરવા અને દર્દીઓને તાત્કાલિક યોગ્ય સારવાર પૂરી પાડવાની માંગ કરી છે. સવાલ એ છે કે જો કરોડોના ખર્ચે બનેલી સિવિલ હોસ્પિટલમાં જ આવી પરિસ્થિતિ હોય, તો ગરીબ અને આદિવાસી દર્દીઓએ ક્યાં જવું?

# ધાનેરા ગંજ બજારમાં વેપારીઓનું સ્નેહમિલન યોજાયુ



ધાનેરા ગંજ બજારમાં નવા વર્ષનું સ્નેહમિલન ગુરૂવારે માર્કેટયાર્ડની કચેરી ખાતે રાખવામાં આવ્યુ હતુ. જેમાં માર્કેટયાર્ડના ચેરમેન વિરલભાઇ પટેલ, વાઇસ ચેરમેન માનસિહ વાઘેલા, ડીરેક્ટર જોઇતાભાઇ શેઠ, પ્રેમાભાઇ તરક, અગ્રણી વેપારી શંકરભાઇ પટેલ, સેક્રેટરી બાબુભાઇ પટેલ સહિત તમામ વેપારીઓ, મહેતાજીઓ તેમજ ખેડુતો અને મજુરો ખાસ હાજર રહ્યા હતા. અને એકબીજાને નવા વર્ષની શુભકામનાઓ પણ પાઠવી હતી. આ પ્રસંગે જોઇતાભાઇ શેઠે માર્કેટ યાર્ડ ની સ્થાપના થયેલ ત્યારથી લઇને આજ સુધીની થોડો ઇતીહાસ પણા જણાવ્યો હતો. ત્યારે પ્રેમાભાઇ પટેલે હાલમાં કુદરતના કહેર સામે ખેડુત પાયમાલ થયેલ છે. તો ખેડુતને સહાનુભુતિ મળે તે માટે વેપારીઓને પણ આશ્વાસન આપવા માટે જણાવ્યુ કહ્યુ. કેમકે આ માર્કેટયાર્ડનો મદાર માત્ર ખેડુત ઉપર જ આધાર છે. આ કાર્યક્રમની આભારવિધી અશોકભાઇ ચૌધરીએ કરી હતી. અને તમામ લોકોએ સાથે મળીને ચા નાસ્તો કરી છુટ્ટા પડ્યા હતા. આ અંગે માર્કેટના ચેરમેન તેમજ વાઇસ ચેરમેને પણ વેપારી, ખેડુત અને હમાલ વર્ગને શુભકામનાઓ પાઠવતા જણાવેલ કે.



લીડ વઘઈ તાલુકાના કાલીબેલ ના મુખ્ય માર્ગ પર જીઈબી ની બે દરકારી ના કારણે મોતની ઘંટી વાગી રહી છે મંગળવારે હાટ બજાર ભરાઈ છે ત્યારે વીજ પોલ ની નીચે હાટ બજારિયાઓ બેસીને ધંધો કરે છે હાલમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે ત્યારે વીજપોલ નીચે અર્થિંગ નો કરંટ ગમે ત્યારે ઊતરી શકે છે વીજ પોલ પાસે કોઈ ખતરા નો બોર્ડ નથી કે કોઈ કંપાઉનનથી કોઈ જાન હાની થાય તેનો જવાબ દાર કોણ ?

# મોરબી જિલ્લાના આમરણ ગામે એક લાખ ૨૫ હજાર લાડુ દ્વારા ઐતિહાસિક શ્રી ગણેશ માહા યજ્ઞ



મોરબી જિલ્લાના આમરણ ગામે એક લાખ ૨૫ હજાર લાડુ દ્વારા ઐતિહાસિક શ્રી ગણેશ માહા યજ્ઞ તારીખ ૩ ૧૧ ૨૦૨૫ થી ૫ ૧૧ ૨૦૨૫

આમરણ ગામે દોશી પરિવાર દ્વારા રાંકા માંકા સુરાપુરા દાદા ના સાનિધ્યમાં તથા કુળદેવી શ્રી ખિમજ ભવાની માતાજીના સાનિધ્યમાં દોશી પરિવાર દ્વારા એક લાખ ૨૫ હજાર લાડુ તથા અઢીસો કિલોગ્રામ ગાયનું ઘી ૧૧૦૦ કિલોગ્રામ ઔષધી તેમજ ફળ ફૂલ મીઠાઈ તથા સુકા મેવા દ્વારા શ્રી ગણેશ યજ્ઞમાં આહુતિ આપવામાં આવશે

યજ્ઞ સમગ્ર દોશી પરિવાર દ્વારા કરવામાં આવનાર છે યજ્ઞનો મુખ્ય ઉદેશ સમગ્ર વિશ્વમાં શાંતિ થાય દોશી પરિવાર ઉપર ગણપતિ દાદા ની તથા રિદ્ધિ સિદ્ધિ માતાની કૃપા રહે તેવો મુખ્ય ઉદ્દેશ છે યજ્ઞના પ્રધાન આચાર્ય પૂજ્ય ગુરુજી ગજાનન આશ્રમ માલસર વાળા રહેશે આ યજ્ઞમાં ૩૫ જોડી યજમાન તરીકે બેસશે યજ્ઞમાં ૫૧ વિદ્વાન બ્રાહ્મણો સાથે ચાર વેદના અલગ અલગ બ્રાહ્મણોદ્વારા વૈદિક વિધિથી યજ્ઞ કરાવવામાં આવશે

યજ્ઞ સ્થળ વગડેશ્વર મહાદેવ મંદિર મુકામ આમરણ જામનગર કંડલા હાઈવે જિલ્લો મોરબી ખાતે રાખેલ છે

યજ્ઞના મુખ્ય આયોજક શ્રી રાકા માંકા દોશી યુવક મંડળ છે યજ્ઞના શુભેચ્છકો શ્રી વિમળસિંહ વંશના રાંકા માંકા દોશી પરિવાર શ્રી દોશી આંબા ખીમજી પરિવાર સરા તથા મહંત શ્રી ઈશ્વરગીરી ગોસ્વામી વગડેશ્વર મહાદેવ મંદિર ના મહંત રહેશે

આ મહાયજ્ઞમાં ૧૧ કુંડી યજ્ઞ રાખવામાં આવેલ છે મુખ્ય યજ્ઞ કુંડ પદ્મકુંડ બનાવવામાં આવશે તેની આજુબાજુમાં વિવિધ ત્રિકોણ કુંડ યોનિકુંડ અર્ધચંદ્રાકાર કુંડ ચતુષ્કોણ કુંડ વગેરે અલગ અલગ બનાવવામાં આવશે

યજ્ઞની પ્રેરણા રાંકા માંકા સુરાપુરા ના ભુવા શ્રી પિયુષભાઈ દોશી ને પ્રેરણા થયેલ તેમની સાથે ભરતભાઈ દોશી જુગલભાઈ દોશી તેમજ હાર્દિકભાઈ દોશી વગેરે જોડાણા અને આજની તારીખે સમગ્ર દોશી પરિવાર વિશ્વ

કલ્યાણ ની ભાવનાથી યજ્ઞમાં જોડાઈ ગયેલ છે

આ યજ્ઞ ગીનેશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ માં સ્થાન પામે તેઓ ઐતિહાસિક યજ્ઞ છે યજ્ઞ દ્વારા પર્યાવરણ તથા પ્રકૃતિ નું શુદ્ધિકરણ થાય છે યજ્ઞ દ્વારા ઇચ્છિત ફળની પ્રાપ્તિ થાય છે રાજસુખ ઈચ્છનારને રાજસુખ મળે ધનસુખ ઈચ્છનારને ધનસુખ ની પ્રાપ્તિ થાય સંતાન ની ઈચ્છા વાળા ને સંતાન પ્રાપ્તિ થાય શાંતિ અને મોક્ષની ઈચ્છા વાળા ને શાંતિ તેમજ મોક્ષની પ્રાપ્તિ થાય.

યજ્ઞ દ્વારા રોગચાળા થી મુક્તિ મળે વાતાવરણની શુદ્ધિ થાય શરીરની શુદ્ધિ થાય આરોગ્યની પ્રાપ્તિ માટે યજ્ઞ શ્રેષ્ઠ માધ્યમ છે આવું પૂજ્ય ગુરુજી ગજાનનઆશ્રમ માલસર વાળા દ્વારા જણાવવામાં આવેલ છે

યજ્ઞ માટે સંપર્ક કરવો.

પિયુષભાઈ દોશીઃ- ૯૦૦૪૧૬૯૫૪૯

જુગલભાઈ દોશીઃ- ૯૮૨૫૦૭૨૭૩૧

હાર્દિકભાઈ દોશીઃ- +૯૧ ૯૩૨૮૬ ૩૮૪૮૪

# બોટાદ નગરપાલિકા વોર્ડ નંબર ૯ નુતન વર્ષાભિનંદન સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો



આજરોજ બોટાદ ખાતે ઝાંઝરૂકિયા સમાજ નો મઢ બારોટ શેરી ખાતે નુતન વર્ષાભિનંદન સ્નેહ મિલન કાર્યક્રમ યોજવામાં આવેલ હતો આ કાર્યક્રમમાં બોટાદ નગરપાલિકા પ્રમુખ ધર્મિષ્ઠાબેન જોટાણીયા તેમજ બોટાદ શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પાર્ટીવાળા તેમજ બોટાદ નગરપાલિકા કારોબારી ચેરમેન જયશ્રીબેન જાંબુકિયા તેમજ બોટાદ જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ ભીખુભા વાઘેલા તેમજ બોટાદ નગરપાલિકાના કોર્પોરેટરો તેમજ વોર્ડ નંબર ૯ નાં પૂર્વ કોર્પોરેટર નયનાબેન સરવૈયા તેમજ પૂર્વ કોર્પોરેટર દલસુખભાઈ અમદાવાદી તેમજ આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે વોર્ડ નંબર ૯ ના મીત્રો રાજુભાઈ ધાધરેટીયા, મુકેશભાઈ વાળા, અજયભાઈ વાળા, દિનેશભાઈ બારૈયા, નિલેશભાઈ મિસ્ત્રી, કલ્પેશભાઈ સાકરીયા, સંજયભાઈ મેટલીયા, સંજયભાઈ વાળા તેમજ મહાકાયગ્રુપ, ગણપતિ ઉત્સવ સમિતિ, ચામુંડા મિત્ર મંડળ, અંબિકા ગરબી મંડળ, ભવાની ગ્રુપ રાવળ શેરી તેમજ દ્વદ્દઈની સમગ્ર ટીમ તેમજ સંગઠનના આગેવાનો તેમજ કાર્યકર્તાઓ તેમજ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમમાં ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સાથે ભોજન પ્રસાદ લીધેલ હતો. આ કાર્યક્રમ વોર્ડ નંબર ૯ નાં જાગૃત કોર્પોરેટર સતુભાઈ ધાધલ દ્વારા આયોજન કરવામાં આવેલ હતું.

# અમદાવાદમાં વિઝ્યુઅલી ચેલેન્જડ માટે ત્રીજી રાષ્ટ્રીય ટીમ ચેસ ચેમ્પિયનશિપ શરૂ થશે

અમદાવાદ, ૨૮ ઓક્ટોબર, ૨૦૨૫ - વિઝ્યુઅલી ચેલેન્જડ માટે ત્રીજી રાષ્ટ્રીય ટીમ ચેસ ચેમ્પિયનશિપ ૩૧ ઓક્ટોબરથી અમદાવાદના બ્લાઇન્ડ પીપલ્સ એસોસિએશન ખાતે શરૂ થવાની છે. કોન્કર્ડ બાયોટેક દ્વારા પ્રાયોજિત આ પ્રતિષ્ઠિત ત્રણ દિવસીય ઈવેન્ટમાં ૧૫ રાજ્યોના ૧૫૦ ખેલાડીઓ, જેમાં ૨૫ આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ અને ૩૦ મહિલા ખેલાડીઓનો સમાવેશ થાય છે, ચેસ કૌશલ્યના રોમાંચક પ્રદર્શનમાં ભાગ લેશે.

ઉદ્ઘાટન સમારોહમાં ગુજરાતના પ્રથમ ગ્રાન્ડ માસ્ટર શ્રી તેજસ બાકરે અને અમદાવાદના પોલીસ કમિશનર શ્રી જી.એસ. મલિક સહિત માનનીય મહેમાનો ઉપસ્થિત રહેશે. ઈનર વ્હીલ ક્લબ, લાયન્સ ક્લબ, રોટરી ક્લબના પ્રતિનિધિઓ, બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશનના ડિરેક્ટરો અને એક્ઝિક્યુટિવ સભ્યો અને ગુજરાત ચેસ એસોસિએશન ફોર વિઝ્યુઅલી ચેલેન્જડ અને ઓલ ઈન્ડિયા ફેડરેશન ફોર ધ બ્લાઈન્ડના અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે.

આ ટુર્નામેન્ટ છેલ્લા ૧૩ વર્ષથી રાજ્યમાં દ્દષ્ટિહીન લોકોમાં ચેસને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત ચેસ એસોસિએશનનાઅથાગ પ્રયાસોનો પુરાવો છે. આ સ્પર્ધામાં કુલ ૨ લાખ રૂપિયાની ઈનામી રકમ, વ્યક્તિગત પ્રદર્શન માટે ટ્રોફી અને મેડલ આપવામાં આવે છે. ટોચની પાંચ ટીમોને રોકડ ઈનામ અને ટ્રોફી મળશે, જ્યારે વ્યક્તિગત મેડલ પ્રદર્શનના આધારે એનાયત કરવામાં આવશે.આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય દ્દષ્ટિહીન વ્યક્તિઓને તેમની પ્રતિભા અને કૌશલ્ય દર્શાવવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે, જેથી તેઓ સમાજના મુખ્ય પ્રવાહમાં એકીકૃત થઈ શકે. આ ગુજરાતના નાગરિકો અને સંવેદનશીલ વ્યક્તિઓ માટે ચેસની રમત જોવાની તક છે, જે દ્દષ્ટિહીન વ્યક્તિઓને શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે સમાન તકો પ્રદાન કરે છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.
ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO - 162**

વિષય- એક નિષ્કપટ હસ્યું મુલ્ય
શીર્ષક- હસે તેનું ઘર વસે
પ્રકાર- પધ , શબ્દ-૫૦

હસે તેનું ઘર વસે ના હસે તેના ઘરે કુતરા ભસે આ કહેવત માનવી પડે

મુખપર મુસ્કુરાહટ હસ્તો ચહેરો જોઈ
સામે વાળા ને સૂકુન મળે છે

હસવાના ઘણા પ્રકાર હોય છે નાભિ
અને હદયથી આંખો પણ હસે છે

નિષ્કપટ હાસ્ય તો સૌ પ્રથમ બાળક
આપી શકે અણસમજ હોય છે

હસતો માનવી કે સ્મિત કરતો માનવી
હમેશાં તંદુરસ્ત અને લહરી હોય છે

તેઓને સુખ મળે કે દુઃખ આવે તો પણ હસતા મોઢે સ્વીકારી લે છેપ

રેખા રસિક નાકરાણી ( મુંબઈ)

★★★★★★★

**NOG. SS No: 194**

વિષય : એક નિષ્કપટ હાસ્યનું મૂલ્ય
શીર્ષક : નિખાલસતાનો જીવંત હસ્તાક્ષર- એક નિષ્કપટ હાસ્ય
પ્રકાર : ગદ્ય, શબ્દ : ૩૪૫

હાસ્ય એ માનવીના મુખનો શણગાર છે. હસતુ મુખ સર્વત્ર આવકારપાત્ર બને છે. એ વ્યક્તિનું મૂલ્ય વધારે છે.

હાસ્યના ઘણા બધા પ્રકાર છે. કૃષ્ણના હાસ્યમાં નિષ્કપટતા છે. ભુવનમોહિની સ્વરૂપનું હાસ્ય સામેની વ્યક્તિના સાનભાન ભૂલાવી દે છે. રાવણના અટ્ટહાસ્યમાં ઘમંડ છે, શકુનીનું હાસ્ય કપટી છે. રામના હાસ્યમાં સૌમ્યતાપૂર્ણ મલકાટ છે. એરોસ્ટેસ અને સેલ્સમેનના હાસ્યમાં કૃત્રિમતા અનુભવાય છે. વિજયી વ્યક્તિના હાસ્યમાં સંતોષ છે.પણ જ્યારે નિષ્કપટહાસ્યની વાત કરવામાં આવે તો, સૌથી પહેલા નાના બાળકનોજ ખ્યાલ આપણી નજર સમક્ષ આવે.જે સ્વાર્થરહિત છે. અકારણ ખુશ રહેવું એવું એનું નિષ્કપટ હાસ્ય આપણને શીખવે છે. તમારા અસ્તિત્વની હાજરી એના માટે મૂલ્યવાન છે. તમે એને સ્વીકાર્યું છે.એ વાતથી એ કોઈ પણ અભિપ્સા વગર માત્ર હાસ્ય વેરે છે. જેમાં આંતરિક સુખાકારીનો ભાવ સવિશેષ છે. એવું કહેવાય છે કે એને ઈશ્વર દેખાય છે,એટલે એનો આભાર માનતા એ હસ્ય વેરે છે.

આજે સ્વાર્થી દુનિયામાં લેવડ દેવડનો મહિમા છે. સમય, સાથ, સહકાર, નાંણા કે કંઈક કામને પ્રાપ્ત કરવા લોકો સ્મિત વેરતા હોય છે. અન્યથા એ પૂતળાની જેમ વર્તતા હોય છે. ઘણી વખતતો પરિચિત વ્યક્તિ પણ હાસ્ય કરવાનું ટાળે ત્યારે આપણને થોડીક નવાઈ લાગે છે.

એક નિષ્કપટ હાસ્ય થકી લોકો નવજીવન મેળવતા હોય છે. ગમતી વ્યક્તિને પામવા કે બગડેલી જીવનની બાજીને સુધારવા એક હાસ્ય ઈલાજ બની જતું હોય છે. આવું નિષ્કપટહાસ્ય જે વ્યક્તિના નસીબમાં હોય એ નસીબદાર છે. એટલે જ થાકેલા કે કંટાળેલા વ્યક્તિ જ્યારે નિર્દોષ બાળક સાથે, અથવા સ્વાર્થરહિત સ્મિત આપનાર સાથે થોડોક સમય પસાર કરે તો,શાતા અનુભવે છે. નિષ્કપટ હાસ્ય એ વ્યક્તિની નિર્દોષતા નિખાલસતાને દર્શાવતો જીવંત હસ્તાક્ષર બની જાય છે. જે તેને સમાજમાં, ટોળામાં કે જીવનમાં વિશિષ્ટતા આપે છે. નિષ્કપટહાસ્ય વેરતા બાળકને જોઈને કંઈક અયોગ્ય કામ કરનાર વ્યક્તિ આપોઆપ અટકી જતો હોય એવું નોંધાયું છે . જાણે એ નિષ્કપટહાસ્યમાં એને ઈશ્વરીય અસ્તિત્વની ઝાંખી ના થતી હોય?

મુશ્કેલીવાળી પરિસ્થિતિમાં ઝઝૂમનાર વ્યક્તિ પોતાના પર્સમાં પોતાના બાળકનો હસતો ફોટો જોઈને એ જંગને જીતવાનું બળ મેળવે છે એવું જાણ્યું છે. પછી ભલેને એ રણમોરચે હોય કે રોગની સામે પથારીમા હોય. આપણી હોસ્પિટલોમાં પણ નિષ્કપટ હાસ્યવેરતા પોસ્ટરો લગાડેલા હોય છે.

આમ નિષ્કપટ હાસ્ય એ ખુશી અને હકારાત્મકતાનો સંદેશો સામેનાને પહોંચાડે છે. એના થકી અણધાર્યો લાભ અને કાર્ય થઈ જતા હોય છે. સેલ્ફી ᯾ ફોટાની સાથે રોજિંદા જીવનમાં પણ હસતાં , હસાવતા મોજમાં રહો.

અસ્તુ.

નામઃ ખ્યાતિ જીગર દેસાઇ. (અમદાવાદ)

★★★★★★★

**NOG SS NO: 382**

વિષય- "એક નિષ્કપટ હાસ્યનું મૂલ્ય ’’
પ્રકાર : પદ્ય - શબ્દો : ૧૪૦
?શીર્ષક- ખિલખિલાટ હાસ્ય બાળ નજરાણું
?પપ

?ગમતું હાસ્ય ને હસતાં રે મુખ
છે પ્રફુલ્લિત પૂનમનાં રે સુખ
હસવું હોય તો હસી લઈએ સાચું, દંભ કપટનું શું કામ?
સગપણ સ્મિતનું સવા સવૈયું, માણી મ્હાલજો છે જ સુખનું ધામ.

માનું હૈયું નિષ્કપટ ખજાનો
નિર્મળ હાસ્યનો એ ફુવારો
દીધી ભેટ હાસ્યની સુભાગી, જાણે શીતલ ચંદનની લેપી
શોભે મુખ ગાલ ગુલાબી, કષ્ટ હરણી સ્મિત થેરેપી

ખંધુ રે હસી ના કરજો ચાલાકી
ખાશે નયન મુખ તમારી ચાડી
છલકે નયન મલકતું અંતર, ઉમળકાનાં મોલ અણમોલાં
નિષ્કપટ હાસ્યની મધુર અનુભૂતિ, દૈવી જવાહરાત મહામૂલાં

ખિલખિલાટ હાસ્ય બાળ નજરાણું
પરિવારનું છે ઊર્મિલ પ્રેમલ ગાણું
દેશું આવકાર સ્મિત વદને, આતશ વેરની શમતી જાશે
કપટ દિલનાં જો છૂટે તૂટે, ખુશહાલી વિશ્વની સંવરશે.
રમેશ પટેલ(આકાશદીપ)

★★★★★★★

**NOG SS NO 184**

વિષય :-"એક નિષ્કપટ હાસ્યનું મૂલ્ય"
શીર્ષક :- અબોલ સ્મિત
પ્રકાર :- પદ્ય - શબ્દ :- ૧૧૫

યોગ્ય હોય કે ના હોય, હસવાનું તો ખરું જ;
ખોટું સદંતર ખોટું, આ માણસો હસે છે.

નેતા ખોટાં, રોતા ખોટાં; અભિનેતા બધા ખોટાં,
છળ કપટ ને ઢોંગ, આચરવા હસે છે.

નિર્ભેળ સ્મિત શોધ્યું છે? ખોવાયું છે સદીઓથી;
ચહેરાં મહોરાં ખોટાં, જૂઠ પર હસે છે.

એક દિવસ કાઢજો, શોધો નિષ્કપટ હાસ્ય,
બાળક પાસે જ મળે, એ જ સાચું હસે છે.

મથજો હજુ થોડાંક, હોય જો સતેજ દ્રષ્ટિ;
મળે નિષ્કપટ હાસ્ય, એ જ સાચું હસે છે.

બોલો સમજ્યા કે નહીં, સ્વાર્થ વગરનું સ્મિત;
યુગોયુગોથી આપે છે, સાચેસાચું હસે છે.

ભાઈ, તમે તો માણહ; અમને થોડા ઓળખો?
અમે ના બોલી શકીએ, પણ સાચું હસીએ.

સૃષ્ટિ પરના સેવકો, નિઃસ્વાર્થ સ્મિતના સાથી;
અબોલ જીવો જ સાચાં, આ અમૂલ્ય હાસ્ય છે.
હસમુખ બી. પટેલ, ‘હર્ષ‘-‘પરખ’
( નારદીપુર - અમદાવાદ )

# કોંગ્રેસનો સંકલ્પ છે કે નરેન્દ્ર મોદી સ્ટેડિયમનું નામ ફરીવાર સરદાર પટેલ સ્ટેડિયમ કરીશું : શ્રી અમિતભાઈ ચાવડા









સરદાર પટેલજીની જન્મજયંતિ અને ઈન્દિરા ગાંધીજીની પુણ્યતિથિ નિમિતે આજે સમગ્ર ગુજરાતમાં વિવિધ કાર્યક્રમો યોજાયા અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજિત "સરદાર સાર્ધ શતાબ્દી પદયાત્રા’’ માં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ જણાવ્યું કે લોહપુરુષ સરદાર સાહેબની જન્યજયંતી અને લોખંડી પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીજીની પુણ્યતિથિ નિમિતે બંનેને શત શત નમન, સરદાર સાહેબના નામે આજે કેટલાક લોકો રાજનીતિ કરી રહ્યા છે અને ખોટા ખોટા આક્ષેપો કરી રહ્યા છે. બિહારમાં ગૃહમંત્રી અમિત શાહે જે ભાષણ આપ્યું એના પરથી લાગે છે કે એમને ઈતિહાસ ખબર નથી સરદાર સાહેબ ૨૫ વર્ષ ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ હતા ભાગલાવાદી વિચારધારા વાળા લોકો સામે લડતા હતા અને ઈજીજી ની વિચારધારા સામે પ્રતિબંધ મુકવાની સૌપ્રથમ વાત કરી હતી

વધુમાં કોંગ્રેસની સરકારોના સમયમાં અમદાવાદમાં બે સ્ટેડિયમના નામ સરદાર સાહેબના નામે રાખવામાં આવ્યા સ્પીપાનું ( સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન ) નામ કોંગ્રેસની સરકારમાં રાખવામાં આવ્યું અને જ્યારે કેન્દ્રની કોંગ્રેસ સરકારે અમદાવાદ એરપોર્ટનું નામ સરદાર વલ્લભભાઈ પટેલ આપવાની વાત કરી એનો સૌથી પહેલા વિરોધ નરેન્દ્ર મોદીએ કર્યો હતો.

આજે આ ભાજપ અને ઈજીજી વાળા સરદાર સાહેબના વિચારો, કાર્યો અને નામ ભૂંસવાના પ્રયત્નો કરી રહ્યા છે હજુ કાલે જ ગુજરાતના ડેપ્યુટી સીએમ હર્ષ સંઘવીએ એક પોસ્ટ કરી ટ્વીટરમાં જેમાં પોતાના સાહેબને મોટા બતાવવા માટે સરદાર સાહેબની પ્રતિમાને ઝાંખી કરી દીધી આનાથી ભાજપની માનસિકતા સ્પષ્ટ થાય છે.

વધુમાં સરદાર સાહેબને ખેડૂતોના મસીહા કહેવાતા હતા અને ખેડૂતોએ જ સરદાર વલ્લભભાઈ પટેલને સરદારનું બિરુદ આપ્યું હતું પણ આજે ભાજપ સરકારના રાજમાં ખેડૂતોની હાલત કફોડી બની ખેડૂતો આત્મહત્યા કરવા મજબુર બની રહ્યા છે, સરકાર એમની જમીનો હડપી રહી છે, પાકના યોગ્ય ભાવ નથી આપતી, એમની રજૂઆતો નથી સાંભળતી અને જો આજે સરદાર સાહેબ જીવિત હોત તો સૌથી પહેલું આંદોલન ખેડૂતો માટે કરતા હોત.ભાગલાવાદી વિચારધારા ધરાવતા શાસકોએ કોંગ્રેસના સમયમાં જે સ્ટેડિયમનું નામ સરદાર પટેલ આપવામાં આવ્યું હતું એને બદલીને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ કર્યું છે ત્યારે આજે સંકલ્પ લઈએ છીએ કે ૨૦૨૭માં કોંગ્રેસની સરકાર બનાવીને પહેલી જ કેબિનેટમાં ફરીવાર સ્ટેડિયમનું નામ સરદાર પટેલ સ્ટેડિયમ કરવા ઠરાવ કરીશું અને નામ બદલીશું.સરદાર સાહેબે અલગ અલગ રજવાડાઓને એકત્રિત કરી અખંડ ભારતનું નિર્માણ કરવામાં મોટો ભાગ ભજવ્યો અમુક ભાગલાવાદી વિચારધારા વાળા લોકોએ વારંવાર ભાગલા પાડવાની કોશિશ ત્યારે ઈન્દિરાજીએ દેશની એકતા અને અખંડિતતા માટે પોતાની છાતીઓ પર ૩૬ ગોળીઓ ઝીલી હતી અને દેશહિત માટે પોતાના અંતિમ શ્વાસ સુધી લડતા રહ્યા હતા ત્યારે ઈન્દિરાજીને પણ પુણ્યતિથિ નિમિતે શત શત નમન કરીયે છીએ.આ પ્રસંગે ઝ઼ઁ નેતા ડૉ. તુષારભાઈ ચૌધરી, અમદાવાદ શહેર પ્રમુખ શ્રી સોનલબેન પટેલ, પૂર્વ રાજ્યસભા સાંસદ શ્રી અમીબેન યાજ્ઞિક, સેવાદળ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી લાલજીભાઈ દેસાઈ, અમદાવાદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી રાજેશભાઈ ગોહિલ, પ્રદેશ મહામંત્રી શ્રી હિમાંશુભાઈ પટેલ, જીઝ વિભાગના ચેરમેન શ્રી હિતેન્દ્રભાઈ પીઠડીયા, વરિષ્ઠ આગેવાનો શ્રી અમિતભાઈ, શ્રી રાજશ્રીબેન તેમજ શહેર અને જિલ્લા કોંગ્રેસના આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા.

# અમદાવાદના બોપલમાં સ્પાની આડમાં ચાલતું કૂટણખાનું ઝડપાયું, સાત મહિલા અને મેનેજરની અટકાયત, સંચાલક ફરાર




અમદાવાદ પોલીસે ગુરુવારે (૩૦ ઓક્ટોબર) બોપલ રિંગ રોડ પર વકીલ બ્રિજ નજીક વન વર્લ્ડ વેસ્ટમાં સ્થિત મનાના સ્પામાં મસાજ પાર્લરની આડમાં ચાલતા કથિત કૂટણખાનાનો પર્દાફાશ કર્યો છે. શહેર ક્રાઈમ બ્રાન્ચના એન્ટિ-હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (છઝ્રેં)એ બાતમીના આધારે દરોડા પાડીને ૭ યુવતીને ઝડપી પાડવામાં આવી છે. પોલીસે આરોપી મેનેજરની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.સરખેજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી હ્લૈંઇ અનુસાર, સ્પાના માલિકો સ્પાની આડમાં કૂટણખાનું ચલાવતા હોવાની ચોક્કસ બાતમીના આધારે પોલીસે બપોરે ૩:૪૫ વાગ્યાની આસપાસ દરોડા પાડ્યા હતા. વેજલપુરના રહેવાસી મયુર પુરબિયા (ઉં.વ.૨૪) તરીકે ઓળખાતા આરોપીની ઘટનાસ્થળે ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે સ્પા માલિક સોનિયા કૌર હાલ ફરાર છે.પોલીસે જણાવ્યું હતું કે, આરોપીઓ બહારના રાજ્યોમાંથી મહિલાઓને લાવીને સ્પામાં જાતીય પ્રવૃત્તિ કરાવતા હતા. જ્યારે સ્પા ચલાવવા માટે સંસ્થા પાસે માન્ય દસ્તાવેજો નહોતા. બાતમીના આધારે પોલીસે બનાવટી ગ્રાહકે સ્પાની મુલાકાત લીધી હતી અને સમગ્ર રેકેટનો પર્દાફાશ કર્યો હતો. જાણવા મળ્યું હતું કે, સ્પા માલિક દ્વારા સ્પામાં હરિયાણા, સુરેન્દ્રનગર, મધ્યપ્રદેશ, પંજાબ, પાટણ અને બે સ્થાનિક મહિલાઓને બોલાવવામાં આવતી હતી.

ગુજરાત સરકાર



**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## "એક ભારત શ્રેષ્ઠ ભારત"ના ગૌરવની ઉજવણી

# ભારત પર્વ ૨૦૨૫

### ભારતભરની વિવિધ વાનગીઓ, કલા તથા વિવિધ સંસ્કૃતિઓ માણો એક જ સ્થળે!

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા - સ્ટેચ્યૂ ઑફ યુનિટી, રાષ્ટ્રીય ઉત્સવનું કેન્દ્ર બનશે, કારણ કે અહીં એકતાનગર ખાતે "એક ભારત શ્રેષ્ઠ ભારત" અંતર્ગત 'ભારત પર્વ ૨૦૨૫'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવ થીમ પૅવેલિયન, પ્રાદેશિક વાનગીઓ, પરંપરાગત હસ્તકલા અને સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ દ્વારા વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને એકસાથે લાવશે, જે ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતામાં તેની અડગ એકતાને પ્રતિબિંબિત કરશે.



## ભારત પર્વ ૨૦૨૫
**૧ થી ૧૫મી નવેમ્બર, ૨૦૨૫**

**સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ**
ડેમ વ્યૂ પૉઇન્ટ-૧, વૅલી ઑફ ફ્લાવર સામે

**થીમ પૅવેલિયન**
**ફૂડ સ્ટૉલ્સ**
**ક્રાફ્ટ સ્ટૉલ્સ**
જંગલ સફારી પાસે

અન્ય આકર્ષણો
લેસર, લાઇટ અને સાઉન્ડ શો • જંગલ સફારી અને ડાયનો ટ્રેઇલ • સરદાર સરોવર ડેમ અને બોટિંગ • કેક્ટસ ગાર્ડન
બટરફ્લાય ગાર્ડન • આરોગ્ય વન • ચિલ્ડ્રન ન્યૂટ્રિશન પાર્ક • વિશ્વ વન

**સ્ટેચ્યૂ ઑફ યુનિટી, એકતાનગર**

**'ભારત પર્વ' એ માનનીય વડાપ્રધાનશ્રીની દૂરંદેશી હેઠળ "એક ભારત શ્રેષ્ઠ ભારત"ની રાષ્ટ્રીય શક્તિનો જીવંત સંદેશ છે.**
**શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.